


## બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં ભાજપના ભારે વિરોધ વચ્ચે કોંગ્રેસના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાયા

આજે જિલ્લા પંચાયત ની પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી જિલ્લા પંચાયત ના સભા ખંડ ખાતે જિલ્લા કલેકટર દિલીપ રાણા ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી છેલ્લા કેટલાય દિવસો થી યાત્રા એ ગયેલા કોંગ્રેસના સભ્યોની લકઝરી બસ જિલ્લા પંચાયત ના સંકુલ માં આવી પોહ્ચતા કોંગ્રેસ એ પણ હાશકારો અનુભવ્યો હતો બીજી તરફ ભાજપે પણ ચૂંટણી ના લોકચુકાદા ને માથે ચઢાવી તોડફોડ ની રાજનીતિ થી પણ દૂર રહેવાનો પ્રયાસ કર્યો હતો આજે બપોરે ૨ વાગ્યા ના સમયે જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જોકે જિલ્લા કલેકટર ચૂંટણી નો આરંભ કરે તે પહેલા ભાજપ ના સભ્યો સભાખંડ માં ઉભા થઈને હોબાળો મચાવી દીધો હતો, સતત એક કલાક સુધી ભાજપ ના સભ્યો સભાખંડ ના શોર મચાવતા જિલ્લા કલેકટર એ ભાજપ ના સભ્યો ને શાંત રહેવાની વારંવાર ટકોર કરવાના છતાં પણ ભાજપે હંગામો મચાવતા શોરબકોર વચ્ચે એક તરફી મતદાન કરી જિલ્લા પંચાયત ના કોંગ્રેસ ના પ્રમુખપદે પીનાબેન રાજેશકુમાર ઘાડીયા અને ઉપપ્રમુખ પદે દિયા જાશીબેન માલજીભાઈને બહુમતી જોરેવરણી કરવામાં આવી હતી આજે જિલ્લા પંચાયત ની પ્રમુખ અને ઉપપ્રમુખ ની ચૂંટણી સમય ભાજપ ના સભ્યો એ મચાવેલા હંગામા સમય પોલીસ અને ભાજપ ના સભ્યો વચ્ચે ઝપાઝપીના દ્રસ્યો પણ સર્જાયા હતા. ભાજપ ના ભારે વિરોધ વચ્ચે કોંગ્રેસ એ જિલ્લા પંચાયત પર સત્તા મેળવામાં સફળ રહેતા કોંગ્રેસ ના કાર્યકર્તામાં આનંદ છવાઈ ગયો હતો ચૂંટ્યેલા ના જિલ્લા પંચાયત ના પ્રમુખ પીનાબેન ઘાડીયા એ પણ કોંગ્રેસ નો આભાર વ્યક્ત કર્યો હતો અને વિધિવત રીતે પ્રમુખપદ નો ચાર્જ પણ આજે જ લઈ લીધો હતો.

# ભિલોડા પોલીસ સ્ટેશનમાં ૧૬ પોલીસ કર્મીઓની ઘટ

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં કાયદો-વ્યવસ્થા અને સુરક્ષાની જવાબદારીનું વહન કરતા મુખ્ય મથક ખાતેના પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. સહિત મંજુર થયેલા ૫૩ ના મહેકમ સામે હાલ વર્ષોથી ૫૩ ની મહેકમ હોઈ પોલીસ સ્ટેશનમાં અપુરતા પોલીસ કર્મીઓના લીધે પ્રજાજનોના જાન, માલના રક્ષણના વિવિધ સવાલોથી પ્રજાજનો ભારે મુઝવણમાં રહેતા હોય છે. નવરચીત અરવલ્લી જીલ્લામાં છ તાલુકાઓ આવેલ છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે અન્ય તાલુકાઓની તુલનામાં ભિલોડા તાલુકામાં ચોરી, લુંટફાટ, હત્યા, મારામારી, દેશી-વિદેશી દારૂની હેરાફેરી સહિત વિવિધ પ્રકારના અવનવા ગુનાઓનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધુ હોવા છતાં અપુરતો પોલીસ સ્ટાફ હોવાના કારણે અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવતો હોય છે.

ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ ભિલોડા પોલીસ સ્ટેશનમાં હાલમાં (૧) પો.સ.ઈ.,અનાર્મમાં (૬) એ.એસ.આઈ., (૯) હેડ કોન્સ્ટેબલ, (૧૩) પોલીસ કોન્સ્ટેબલ અને આર્મમાં (૬) પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે ત્યારે હજુ ૧૬ પોલીસ કર્મીઓની ઘટ છે.જેમાં અનાર્મમાં (૧) હેડ કોન્સ્ટેબલ, (૧૨) પોલીસ કોન્સ્ટેબલ અને આર્મમાં (૧) હેડ કોન્સ્ટેબલ વિવિધ જગ્યાઓની ઘટ હોવાના કારણે વિવિધ પ્રકારના ગુનાઓ રોકવા વિવિધ પોલીસ કોન્સ્ટેબલોની ખાલી જગ્યાઓ સત્વરે ભરવા તેમજ હયાત મંજુર થયેલ મહેકમ આઝાદી વખતનો હોઈ હાલની જરૂરીયાતને અનુસરી જીલ્લા પોલીસ વડા ધ્વારા પુરતો પોલીસ સ્ટાફ અને મહેકમ મંજુર કરવા જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

ગુજરાત રાજ્યની સરહદ ઉપર આવેલ અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલો ભિલોડા તાલુકો ભૌગોલિક દ્રષ્ટીએ અને વિસ્તારની દ્રષ્ટીએ જીલ્લામાં અન્ય તાલુકા કરતાં ખુબ મોટો વિસ્તાર ધરાવતા તાલુકામાં વિવિધ છુટા છવાયા ગામડાઓનો વિસ્તાર છે. ભિલોડા તાલુકાના અમુક ગામોમાં છુટા છવાયા ઘરો માં પ્રજાજનો વસવાટ કરતા હોય છે. પોલીસ સ્ટેશનમાં વર્ષોથી અપુરતો સ્ટાફ હોવાથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવી રહ્યો છે. ભિલોડા તાલુકાનો વિસ્તાર અન્ય તાલુકાની દ્રષ્ટીએ ખુબ મોટો વિસ્તાર છે.ભિલોડા તાલુકામાં પ્રજા રામ ભરોસે હોય તેમ લોકમુખે ચર્ચાય છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં પુરતો સ્ટાફ, મહેકમ સત્વરે મંજુર કરવા પ્રજાજનોની માંગ છે.




## સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસામાં વાર્ષિકોત્સવ ઉજવાયો

આપણા દેશના સાંસ્કૃતિક મૂલ્યોને ઉજાગર કરતા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત થકી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ ડીસામાં ૨૮માં વાર્ષિક મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ સ્થાને આર્ચ બીસપ થોમસ મેકવાન, ઉપાધ્યક્ષ તરીકે ફાધર જ્હોન રોઝ અને મુખ્ય મહેમાન તરીકે ચાર્લ્સ બ્રોમિયો (પદ્મશ્રી અને અર્જુન એવોર્ડ વિજેતા), એચ.એલ. રાવલ, પ્રવિણભાઈ માળી તેમજ જાગૃતિબેન દેસાઈ, હિતેશભાઈ શાહ, રાજુભાઈ ઠાકોર, લાભેશભાઈ સેવકની વિશેષ ઉપસ્થિતિમાં કે.જી.થી લઈ ધોરણ-૯ અને ધો. ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ થીમ પર સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી. ડીસાના પ્રબુદ્ધ નાગરિકો અને વાલીઓએ કાર્યક્રમને મનભરી માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ શાળાના આચાર્ય ફા. જોન પીટરે કરી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શાળના મેનેજર ફા. હેરોલ્ડ પિન્ટોનું માર્ગદર્શન અને ફા. જ્હોન, ફા. લક્ષ્મણ તેમજ શાળાનાં સમગ્ર શિક્ષક મિત્રોનો બહુમૂલ્ય ફાળો રહ્યો હતો.

# ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ૮ કાયમી ડૉક્ટરોની ઘટથી દર્દીઓને હાલાકી

ભિલોડા,તા.૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે અંદાજીત ૨૨ એકરના કંપાઉન્ડમાં આવેલ ૫૩ વર્ષ જુની કોટેઝ હોસ્પિટલમાં ૮ કાયમી સ્પેશીયાલીસ્ટ ડાંકટરોની ઘટ હોવાના કારણે દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે.કોટેઝ હોસ્પિટલમાં અંદાજીત રૂા.૭૦ લાખથી વધુની અદ્યતન વિવિધ પ્રકારની મશીનરી સ્પેશયાલીસ્ટ ડાંકટરોના અભાવે સદ્ઉપયોગ થઈ શકતો નથી પરંતુ આરોગ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે.

કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલી અદ્યતન કોટેઝ હોસ્પિટલમાં અપુરતા સ્ટાફના કારણે દર્દીઓ પારાવાર મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે.ડાંકટરોની ભરતી ન થવાના કારણે યોગ્ય સારવાર થઈ શકતી નથી ત્યારે તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે.આરોગ્ય વિભાગના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કોટેઝ હોસ્પિટલને પ્રાઈવેટ કરવાની હિલચાલ ચાલતી હોવાનું જાણવા મળેલ છે.

ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં મહત્તમ રીતે આદિવાસી સમાજ અને ઠાકોર સમાજની બહુમતી ધરાવતા વિસ્તારમાં તાલુકા મથક ખાતે અદ્યતન કોટેઝ હોસ્પિટલનું કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે નિષ્ણાંત અનુભવી તબીબોના અભાવે લાખ્ખો રૂપિયાની મશીનરી ધુળ ખાઈ રહી છે.સદ્ઉપયોગ થઈ શકતો નથી ત્યારે કરોડો રૂપિયાનો ખર્ચે એળે જઈ રહ્યો હોવાનું લોકમુખે ચર્ચાય છે.તબીબોના અભાવે કોટેઝ હોસ્પિટલ શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહી છે.ભિલોડા તાલુકામાં અવારનવાર નાના-મોટો અકસ્માતો તેમજ ઈમરજન્સી કેસમાં યોગ્ય સારવારના અભાવે નિર્દોષ ગરીબ દર્દીઓના ક્યારેક ક્યારેક મોત નિપજ્યા હોવાનું ચર્ચાય છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલની સ્થાપના ૧૯૬૫ માં થઈ હતી ત્યારે હાલના તબક્કે કોટેઝ હોસ્પિટલનું મકાન જર્જરીત છે ત્યારે રીનોવેશન કરાવવાની તાતી જરૂરીયાત છે.૯૫ બેડ ધરાવતી કોટેઝ હોસ્પિટલમાં સારવાર માટે ડાંકટરો ન હોવાના કારણે દર્દીઓને ઈમરજન્સી દરમ્યાન પ્રાથમીક સારવાર ડાંકટરો ધ્વારા અપાયા બાદ દર્દીઓને જીલ્લા મથક ખાતે સીવીલ હોસ્પિટલમાં રીફર કરવા પડતા હોય છે.

કાયમી સ્પેશીયાલીસ્ટ ૮ ડાંકટરોની ઘટ નીચે મુજબ છે.

(૧) હાર્ટ મોનીટર અંદાજીત રૂા.૬ લાખ (૨) વેન્ટીલેટર અંદાજીત રૂા.૫ લાખ (૩) વિવિધ ઓપરેશનના સાધનો અંદાજીત રૂા.૧૦ લાખ (૪) બાળ રોગના વિવિધ સાધનો અંદાજીત રૂા.૧૦ લાખ (૫) સોનોગ્રાફી મશીન નવું અંદાજીત રૂા.૧૩ લાખ (૬) સોનોગ્રાફી મશીન જુનું અંદાજીત રૂા.૫ લાખ (૭) ફુલ્લી ઓટોમેટીક લેબ રીપોર્ટ મશીન અંદાજીત રૂા.૧૧ લાખ (૮) પીવાના પાણીના આરો પ્લાન્ટ-૨ અંદાજીત રૂા.૨ લાખ સહિત વિવિધ અદ્યતન સામ્રગી કાયમી ડાંકટરોના અભાવે સદ્ઉપયોગ થઈ શકતો નથી.

કોટેઝ હોસ્પિટલમાં ટી.બી.વોર્ડનું રેનબસેરા તરીકે પી.આઈ.યુ. વિભાગ મારફતે રીનોવેશન કર્યું છે પરંતુ દર્દીઓના સગાંઓને લાભ મળતો નથી. કોટેઝ હોસ્પિટલમાં પ્રથમ માળે પ્રસુતિ વોર્ડ આવેલ છે તેની સ્પેશીયલ રૂમ તરીકે પી.આઈ.યુ. મારફતે રીનોવેશન કરાવેલ છે પરંતુ સદ્ઉપયોગ થતો નથી.કોટેઝ હોસ્પિટલમાં બાંન્સવોર્ડ અને બાળકો માટેનો સ્પેશીયલ વોર્ડ બનાવવાની તાતી જરૂરીયાત છે. કોટેઝ હોસ્પિટલમાં અંદાજીત ૬૫ ક્વાટર્સ છે પરંતુ જર્જરીત હાલતમાં છે. કોટેઝ હોસ્પિટલમાં સ્ટ્રીટ લાઈટોના અભાવે અંધારપટ હોય છે. કોટેઝ હોસ્પિટલમાં દાતાઓ ધ્વારા ટી.બી.વોર્ડ, નર્સિંગ સ્કુલ, લેબ રૂમ, નર્સિંગ હોસ્ટેલ જે તે સમયે વર્ષો પહેલાં બનાવીને આપેલ છે પરંતુ જર્જરીત હોવાના કારણે રીનોવેશન કરાવવાની તાતી જરૂરીયાત છે. ભિલોડા કોટેઝ હોસ્પિટલના વિશાળ કંપાઉન્ડમાં હાલના તબક્કે ૯૫ બેડ કાર્યરત છે ત્યારે અંદાજીત ૧૫૦ થી ૨૦૦ બેડ ધરાવતી અદ્યતન કોટેઝ હોસ્પિટલ બનાવવાની તાતી જરૂરીયાત છે.કોટેઝ હોસ્પિટલમાં આરોગ્ય વિભાગ ધ્વારા પુરતા પ્રમાણમાં દવાઓનો જથ્થો આપવામાં આવતો નથી જેના કારણે ગરીબ ગરીબ દર્દીઓને આર્થિક બોજ સહન કરવાનો વારો આવતો હોય છે. ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સત્વરે નિષ્ણાંત તબીબો અને જરૂરીયાત મુજબ સત્વરે ભરતી કરવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.




(૧) સી.ડી.એમ.ઓ./અધિક્ષક (૨) આર.એમ.ઓ. નિવાસી તબીબી અધિકારી (૩) જનરલ સર્જન (૪) ફીજીશીયન (૫) પીડીયાટ્રીશન (૬) એન્થેસ્ટીસ્ટ (૭) પેથોલોજીસ્ટ (૮) રેડીયોલોજીસ્ટ કાયમી સ્પેશીયાલીસ્ટ ડાંકટરો સહિત નર્સોની ઘટ હોવાના કારણે દર્દીઓ ભારે મુશ્કેલી સહન કરી રહ્યા છે.બીજી બાજુ યોગ્ય સારવાર ન મળતી હોવાના કારણે પ્રાઈવેટ ડાંકટરોને ત્યાં દર્દીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે.

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં અદ્યતન મશીનરીની યાદી નીચે મુજબ છે.

# પાલનપુર પાલિકાના અણઘડ વહીવટ સામે વધતો આક્રોશ

પાલનપુર, તા. ૧૭

વિપક્ષ નેતા અમૃતભાઈ જોષી દ્વારા પાલનપુર નગરપાલિકા પ્રમુખને રજુઆત જણાવ્યુ હતુ કે નવીન બોડીની રચના થયા પછી આપશ્રીના અડઘડ વહીવટને કારણે ઘણા લાંબા સમયથી લડબી નદીમાં એગોલા રોડ વિસ્તારમાં પાલનપુર નગરપાલિકા દ્વારા લડબી ઉડી કરીને ગટરનું ગંદુ પાણી ઠાલવવામાં આવી રહ્યું છે. તેના કારણે લડબીની આજુ બાજુમાં આવેલ સોસાયટીઓ જેવી કે હિમાલય બંગલોઝ, તિરૂપતી બંગલોઝ, રાજરેસીડેન્સી, મંગલમ સોસાયટી, ચંદ્રલોક સોસાયટી, ઈન્દ્રપ્રસ્થ, ગોલ્ડનપાર્ક, નંદનવન, અર્પણ પાર્ક, સુદરવન, નક્ષત્ર, હરિસિધ્ધ નગર, ગુરૂકૃપા, શક્તિકૃપા, રામદેવ ટેકરા, સિધ્ધરાજ જયસિંહ નગર, શિખરપાર્ક, તિરૂપતિ સોસાયટી તેમજ અન્ય સોસાયટીના પ્રજાજનો ગંદકીને કારણે ત્રાહીયામ પોકારી ગયા છે.

લડબી નદીના કાંઠે આવેલ સોસાયટીઓના પ્રજાજનોના મકાનોની કિમત ગંદકીને કારણે લાખો રૂપિયા ઘટી ગઈ છે. ચારેકોર માથા ફાડ દુર્ગંધ પ્રસરવા પામેલ છે. પ્રજાજનોને તીવ્ર દુગર્ધનો સામનો કરવો પડે છે. ગંદકીના કારણે ગંદકીમાં પેદા થતા ઝેરી માખી, મચ્છરો અને જીવાતોનો ઉપદ્રવ વધી ગયો છે. પ્રજાજનોના જાહેર આરોગ્ય અને સુખાકારીને ભયંકર રીતે નુકશાન થઈ રહ્યું છે. લોકોના આરોગ્ય સાથે ભયંકર ચેડા થઈ રહ્યા છે. જાણીબુઝીને નાગરિકો રોગના ખપ્પરમાં હોમાય તેવી વિકટ પરિસ્થિતીનું નિર્માણ થવા પામ્યુ છે. લડબી નદી નર્કાગાર બની ગઈ છે.



આપશ્રી દ્વારા નગરપાલિકાના પ્રમુખ પદનો ચાર્જ સંભાળ્યા બાદ લડબી નદીમાં ગંદુ પાણી વહેતુ કરીને આ વિસ્તારની દુર્દશા કરી નાખેલ છે.

જો દિન ૧૦માં લડબી નદીમાં વહેતુ ગટરનું ગંદુપાણી બંધ કરવામાં નહી આવેતો અમારે ન છુટકે પ્રજાજનોના હિતમા આરોગ્ય અને જાન-માલના રક્ષણ માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૩૩ અન્વયે ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની તેમજ ગાંધી ચિધ્યા માર્ગે પ્રજાજનોને સાથે રાખી આંદોલન કરવાની ફરજ પડશે તેની નોંધ લેશો.

# ડીસા નજીક રિક્ષાચાલકે લૂંટ આચરી હોવાની રાવ

ડીસા, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના માલગઢ નજીક એક પટાવાળા સાથે લૂંટ થઈ હોવાની ઘટના સામે આવી છે. આ પટાવાળા પાસેથી ૧૩ હજારની રોકડ રકમ અને બે મોબાઈલ સહિત શાળાની બે ફાઈલો લૂંટી લઇ અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા છે.ડીસા તાલુકાના વડાવલ ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા નારણભાઈ નામના પટાવાળા તેમના અંગત કામકાજ માટે ડીસા આવ્યા હતા.જોકે તેઓ ડીસાના ગાયત્રી મંદિર નજીકથી ખાનગી રિક્ષામાં બેસી વડાવલ પરત જવા નીકળ્યા હતા. તે દરમ્યાન રસ્તામાં માલગઢ ગામ નજીક રીક્ષા ચાલકે રીક્ષા થોભાવી નારણભાઈ પાસેથી ૧૩,૦૦૦ની રોકડ રકમ, બે મોબાઈલ તેમજ શાળાની ફાઈલોની લૂંટ ચલાવી નારણભાઈ ને ઈજાઓ પણ પહોંચાડી હતી. બાદમાં નારણભાઈ જેમ તેમ કરીને આ શખ્સોથી પીછો છોડાવી ત્યાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા. બાદમાં તેમણે આ ઘટના અંગે પરિવારજનોને જાણ કરતા પરિવારજનોએ તાત્કાલિક નારણભાઈને સારવાર માટે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડયા હતા.



# પહેલા પતિ પર ભરણપોષણનો દાવો કરી પત્નીએ બીજા લગ્ન કરી લીધા

થરાદ, તા. ૧૭

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે દાંતીવાડા બસસ્ટેશનની પાછળ રહેતા સુરેશકુમાર કેવાજી સોલંકી (માળી)ના લગ્ન થરાદ તાલુકાના ડેડુવા મુકામે સાટા પ્રથામાં ભાવનાબેન સાથે સમાજના રીતરિવાજ મુજબ સાત વર્ષ પહેલાં થવા પામ્યાં હતાં. જેમને એક પુત્ર રોહિતની પણ પ્રાપ્તિ થઈ હતી. લગ્નના એક વર્ષ પછી પત્ની સાથે ઝઘડો થતાં તેણી તેના પિતાને ત્યાં રિસામણે બેસી ગયા બાદ સુરેશભાઈ તથા માતા-પિતા અને તેના ભાઈ ઉપર ભરણપોષણ તથા ૪૯૮ના કેસની ફરિયાદ પણ કરી હતી. જે કેસ હાલ થરાદ કોર્ટમાં ચાલુ છે.

જોકે ફરિયાદ પછી તેણે સાસરે આવી ન હતી. બીજીબાજુ પુત્ર રોહિત બાબતે સુરેશકુમારે દાંતીવાડા કોર્ટમાં સર્ચ વોરન્ટ કઢાવતાં તેની બજવણી થતાં ગત ૩૦-૧-૨૦૧૮ના રોજ તેની પત્ની ભાવનાબહેન પુત્ર રોહિત સાથે દાંતીવાડા કોર્ટમાં આવી હતી. આ વખતે તેણી પ્રેગનન્ટ જણાતાં સુરેશભાઈએ સમાજમાં અગ્રણીઓ મારફતે તપાસ કરાવતાં તેણીએ દાંતીવાડાના નવીઅટાલ ગામના રાજુજી સોમાજી માળી સાથે લગ્ન કરી લીધા હોવાની જાણ થતાં પગ નીચેથી ધરતી સરકી જાય તેવા સમાચાર મળ્યાં હતાં.

આથી તે નવીઅટાલ જતાં ત્યાંથી તેણી ડેડુવા ગયાની સમાચાર મળતાં સુરેશભાઈ ત્યાં આવી પત્ની ભાવનાબેનને મળી બીજા લગ્ન બાબતે વાતચીત કરી હતી. આથી તેણીએ મારે જે કરવું હતું તે મે કરી લીધેલ છે. અને તારાથી થાય તે કરી લે તેવી ધમકી આપી હવે કંઈ નામ લીધું કે મને હેરાન પણ કરીશ તો મોકો મળેથી માણસો મોકલી જાનથી મારી નાખીશું. માટે ચૂપચાપ ઘરે બેસી રહે જે તેવી ધમકીઓ પણ આપી હતી. જોકે આ બાબતે સામાજિક રીતરિવાજ મુજબ સમાધાનનો પ્રયત્ન કરતાં તે ન થતાં બુધવારે થરાદ પોલીસ મથકમાં કોર્ટમાં ભરણપોષણનો કેસ ચાલુ હોવા છતાં તેમ જ પોતે હયાત હોવા છતાં પણ બીજે લગ્ન કરી જતી રહ્યાની ફરિયાદ નોંધાતા પોલીસે તેની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવતી સમાજ તથા પંથકમાં ચકચાર મચવા પામી હતી.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સાબરકાંઠા જિલ્લાની મુલાકાતે

હિંમતનગર, તા. ૧૭

અમદાવાદ-ઉદેપુર (એ.પી.) રેલવે લાઈન વર્ષોથી મીટરગેજ હોવાને કારણે સાબરકાંઠાની પ્રજાનો વિકાસ રૂંધાતો હતો. જેથી તે અંગે વડાપ્રધાન સમક્ષ કરાયેલી રજુઆત બાદ અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનનું બ્રોડગેડમાં રૂપાંતર કરવા માટે રેલવે વિભાગ દ્વારા બજેટમાં જોગવાઈ કરાઈ હતી. જે આધારે એક વર્ષથી અમદાવાદ-ઉદેપુર વચ્ચે દોડતી મીટર ગેજ રેલવે લાઈન પરની ટ્રેનો બંધ કરી દેવાઈ છે. અને રેલવે સ્ટેશન તથા નવા પાટા નાખવાનું કામ પુરજોશમાં શરૂ કરાયું છે. જેની જાણકારી મેળવવા માટે મંગળવારે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર તથા અન્ય અધિકારીઓએ અમદાવાદ ઉદેપુર રેલવે લાઈન પર આવેલ નવ રેલવે સ્ટેશનોની મુલાકાત લઈને જાણકારી મેળવી હતી.

આ અંગે રેલવેના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ અમદાવાદ-ઉદેપુર રેલવેલાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાની કામગીરી ખુબજ ઝડપથી ચાલી રહી છે. ત્યારે સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ગાંધીનગરના રખિયાલ, દહેગામ અને અમદાવાદના અસારવા રેલવે સ્ટેશનને અદ્યતન બનાવવાની કામગીરી લગભગ પૂર્ણતાને આરે ઉભી છે ત્યારે મંગળવારે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર એ.કે. ગુપ્તા તથા અન્ય અધિકારીઓએ હિંમતનગર આવી રેલવે સ્ટેશન અને બ્રોડગેજની કામગીરી નિહાળીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

સૂત્રોમાંથી જણાવ્યા મુજબ અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈનનું તથા રેલવે સ્ટેશનોનું બાકી કામ વર્ષ ૨૦૧૯ સુધીમાં પૂર્ણ થઈ જશે. તેના માટે રેલવે મંત્રાલય આયોજન કરીને નાણાંની કોઈ ખેંચ પડે નહી તે માટે કાળજી રાખીને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટેનો લક્ષ્યાંક રાખ્યો છે. અમદાવાદ-ઉદેપુર રેલવે લાઈન પર કામગીરી પૂર્ણ થયા બાદ બ્રોડગેજ રેલવે શરૂ થશે ત્યારે જિલ્લાની પ્રજાને દિલ્હી, મુંબઈ, રાજસ્થાન તથા અન્ય સ્થળે જવા માટે ઘર આંગણે સગવડ મળશે. તથા અત્યારે રોડ પર જે વાહનોનું વધુ ભારણ છે તેમાં પણ ઘટાડો થશે.